## " સાફલ્યગાથા "
## તા.૩૧/૦૮/૨૦૧૫ થી ૦૬/૦૯/૨૦૧૫

### મુદ્દા નંબર (૧) જો જિલ્લા કક્ષાએ કોઇ ખોવાયેલ બાળકો માટે ઝુંબેશ હાથ ધરવામાં આવેલ હોય, કે અન્ય સારી કામગીરી માટે ઝુંબેશ ચલાવવામાં આવી હોય.

- ❖ ગુમ થયેલ બાળકોના ફોટાઓ પ્રસિધ્ધ કરવા, મુળ સરનામે મીસીંગ સેલની ટીમો મોકલી વધુમાં વધુ ગુમ થયેલ વ્યકિત/બાળકો શોધી કાઢવા પ્રયત્નો ચાલુ છે.
- ❖ ગુમ થયેલ વ્યકિત/બાળકો ના ફોટાઓ જિલ્લાની " સેતુ " એપ્લીકેશન ઉપર અપલોડ કરી બહોળી પ્રસિધ્ધિ કરવામાં આવે છે.

### જિલ્લામાં બનેલ વિવિધ ગુનાઓમાં પકડી પાડેલ આરોપીની માહિતી

- ❖ માંડવી પો.સ્ટે. I 114/2015 IPC 379 મુજબ મોજે કરંજ હરીયાલ ગામ ક્રિષ્ના કોમ્પ્લેક્ષની સામે તા.માંડવી જિ-સુરત મુજબ ના ગુનાના કામે આરોપી અનવર યુસુફ બનારસી રહે- મોસલી ગામ નવી નગરી તા-માંગરોલ જિ-સુરત નાઓને ગુનાના કામે તા ૦૬/૦૯/૨૦૧૫ ના કલાક ૧૮/૦૦ વાગે ધોરણસર અટક કરેલ છે.

- ❖ માંગરોલ પો.સ્ટે I ૧૫/૨૦૧૫ ઇ,પી.કો કલમ ૩૭૯,૪૧૧,૧૧૪ મુજબ ના ગુનાના કામે બાબુભાઇ દાદાભાઇ ચૌધરી ઉ.વ ૪૫ રહે.ઝંખવાવ મામા ફળિયુ તા.માંગરોલ જી.સુરત નાઓને ૬/૦૯/૨૦૧૫ કલાક ૧૬/૦૦ વાગે અટક કરેલ છે.
- ❖ બારડોલી I ૧૮૧/૨૦૧૫ ઈ.પી.કો. કલમ ૨૭૯,૩૩૭,૩૩૮,૩૦૪(અ) તથા એમ.વી.એક્ટ ૧૭૭,૧૮૪,૧૩૪ મુજબના ગુનાના કામે અનીરૂપ અનીલભાઈ ગાયકવાડ રહે ૧૦૧, ઉમંગ એપા. પ્રેરણાનગર, રાંદેર રોડ, અડાજણ સુરત શહેર નાઓને તા. ૩૧/૦૮/૨૦૧૫ કલાક ૨૦/૧૫ વાગે અટક કરેલ છે.
- ❖ બારડોલી I ૧૬૨/૨૦૧૫ ઈ.પી.કો. કલમ ૨૭૯,૩૩૭ તથા એમ.વી.એક્ટ ૧૭૭,૧૮૪,૧૩૪ મુજબ ના ગુનાના કામે નિલેશ સંજયભાઇ વેન્દે રહે.બારડોલી માંગી ફળીયા તા.બારડોલી નાઓને તા. ૦૧/૦૯/૨૦૧૫ કલાક ૧૩/૩૦ વાગે અટક કરેલ છે.
- ❖ બારડોલી પો.સ્ટે I ૧૮૩/૨૦૧૫ ઈ.પી.કો. કલમ ૩૭૯, ૧૧૪ મુજબ ના ગુનાના કામે પરેશભાઇ રવજીભાઇ વસાવા રહે. ગડકાછ તા.માંગરોળ જી.સુરત નાઓને તા.૦૧/૦૯/૨૦૧૫ કલાક ૧૭/૧૫ વાગે અટક કરેલ છે.

# બારડોલીમાં પોલીસનું કડક વાહન ચેકિંગ

## સુરતીઝાંપા સર્કલ પર SOG અને સ્થાનિક પોલીસ, સરભોણ ચોકડીએ LCBની કામગીરી

ભાસ્કર ન્યૂઝ. બારડોલી

રવીવારે તાપી જિલ્લામાં મુખ્યમંત્રી આનંદીબેન પટેલનો કાર્યક્રમ હોવાથી સુરત જિલ્લા પોલીસ પણ સવારથી બારડોલી નગરમાંથી પસાર હાઈવે પર ખડે પગે વાહન ચેકીંગ કરતા જોવા મળ્યા હતાં. તાજેતરમાં પાટીદાર સમાજનું અનામત આંદોલન હિંસક બન્યુ હતું. જેના પગલે સલામતીના ભાગરૂપે કામગીરી કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

સુત્રો પાસેથી પ્રાપ્ત માહિતી મુજબ બારડોલી નગરમાં વહેલી સવારથી સુરત-ધુલિયા નેહાનં 6 પર સુરત જિલ્લા પોલીસ અને સ્થાનિક પોલીસે વાહન ચેંકીગની કામગીરી કરતા જોવા મળ્યા હતા. બારડોલી સુરતીઝાંપાના સર્કલ પર સુરત જિલ્લા એસઓજી ના પીઆઇ એસ.એમ.સગર તેમજ સ્થાનિક પોલીસ સાથે વાહન ચેકીંગ કરવામાં આવ્યુ હતું. શંકાસ્પદ વાહન ચાલકોની પુછતાછ પણ કરી હતી. બીજી તરફ એલસીબી પોલીસનો સ્ટાફ પણ સરભોણ ચોકડી પર સવારથી વ્યારા તરફ જતાં વાહનોનું ચેંકીંગ કર્યું હતું. પસાર વાહનોના નંબરની નોંધણીથી માંડી જરૂરી પૂછપરછ પણ કરવામાં આવી હતી. આ વાહન ચેકીંગ કરવા પાછળનું કારણ રવીવારે તાપી જિલ્લામાં મુખ્યમંત્રી આનંદીબેન પટેલનો કાર્યક્રમ હોવાથી સલામતીના ભાગરૂપે આ કામગીરી કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે. તાજેતરમાં પાટીદાર સમાજનું અનામત આંદોલનમાં હિંસા ફાટી નીકળી હતી. જે હજ ઠંડ પડ્યું ન હોવાથી પોલીસે સવારથી જ મુખ્યમંત્રીના કાર્યક્રમની સલામતીના ભાગરૂપે કામગીરી કરવામાં આવી હોવાનં જાણવા મળેલ છે.



બારડોલી નજીક એલસીબી દ્વારા વાહનચેકિંગ કરવામાં આવ્યું હતું.

### વાહન ચેકિંગ દરમિયાન 24 હજારનાં કેન ચોરનારો ઝડપાયો

# મઢી પાસેથી ચોરીનાં 8 દૂધનાં કેન સાથે પીકઅપ ઝડપાઈ

## વાંસકૂઈની દૂધ ઉત્પાદક મંડળીમાંથી કેન ચોરી કર્યા હતા

ભાસ્કર ન્યૂઝ. બારડોલી

બારડોલીના વાંસકૂઈ દૂધ મંડળીની દૂધ ભરવા માટે ઉપયોગમાં લેવાતા એલ્યુમિનિયમના આઠ કેનની રાત્રે ચોરી થઈ ગઈ હતી. જે અંગે તાત્કાલિક પોલીસને જાણ કરતાં વાહનચેકિંગમાં એક વાન ચાલક ઝડપાયો હતો. જેની પુછતાછમાં કેનની ચોરી કરી હોવાનું અને અન્ય બે સાથીદારો છુપાવી હોવાનું જણાવતાં પોલીસે 24 હજારની કેનની ચોરીનો ગુનો નોંધી અન્ય બે ઈસમોની શોધખોળ હાથ ધરી છે.

બારડોલી તાલુકાના વાંસકૂઈ ગામની દુધ મંડળીમાં ફરજ બજાવતા ફીલીપ નગીનભાઈ ગામીત પર સોમવારે રાત્રિ દરમિયાન દૂધ મંડળીની રહેતા હિતેશભાઈનો ફોન આવ્યો હતો કે, મોડી રાત્રિ સુધી શું કામ કરો છો ? રાત્રીએ મંડળીમાં શોરબકોરથી અમને હેરાનગતિ થાય છે. જેથી ફીલીપ ગામીતને મંડળીમાં કોઈ ઘુસ્યું હોવાનો અંદાજો આવી જતા તેઓ તાત્કાલિક દૂધ મંડળીના મકાનને આવી તપાસ કરતા દૂધ ભરવા માટે રાત્રે ખાલી કેન ધોઈ બહાર મુક્યા હતાં. જે એલ્યુમિનિયમની આઠ નંગ કેન અજાણ્યા તસ્કરો ચોરી કરી ગયા હોવાનું માલુમ પડ્યું હતું. જેથી તાત્કાલિક મઢી આઉટ પોસ્ટ ચોકીના જમાદારને ફોન કરી જાણ કરી હતી. જમાદારે રાત્રે જ વાહનચેકિંગ કરતાં એક મારૂતિવાન નં (GJ-6K-1398) ના ચાલકે ઊભી ન રાખતા પોલીસે પીછો કરી ઝડપી પાડી હતી અને મઢી ઓપીમાં લઈ જઈ પુછતાછ કરતાં ચાલકે પોતાની ઓળખ પરેશ રવજીભાઈ વસાવા (રહે. ગડકાછ, તા. માંગરોળ, જિ. સુરત)ના રહીશ હોવાનું જણાવ્યું હતું. અને તેણે એલ્યુમિનીયમના 8 નંગ કેનની ચોરી અન્ય બે ઈસમ નરેશ અને અજય સાથે મળી કરી હોવાની રાત્રે જ કબૂલાત કરી હતી. અને આ કેન બે ઈસમોએ છુપાવી હોવાનું જણાવતાં પોલીસે 24000ના કેનની ચોરીનો ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે. અજય અને નરેશની શોધખોળ હાથ ધરી છે

C:\Users\chetanp\Downloads\Saflya_Gatha 31.08.15 to 06.09.15.doc

### સુરતમાં યોજાનારી પાટીદારોની મિટિંગને પગલે તંત્ર હરકતમાં

# સુરત શહેરનાં પ્રવેશદ્વાર સહિત જિલ્લામાં ઠેર ઠેર વાહન ચેકિંગ

## મિટિંગમાં અનામતની લડત અંગે રણનિતિ નક્કી કરાશે



ભાસ્કર ન્યૂઝ. બારડોલી

ગુજરાતમાં ચાલી રહેલા પાટીદાર અનામત આંદોલન 25મી ઓગસ્ટથી તોફાની બન્યા બાદ આ આંદોલન અટકાવી દેવાની ફરજ પડી હતી. અને હવે શાંતિનો માહોલ થતાં ફરી એકવાર આંદોલન આગળ વધારવા માટે સુરતમાં મિટિંગ યોજાયા બાદ મંગળવારના રોજ જાહેરાત થવાની હોય જેને પગલે સુરત શહેરના પ્રવેશદ્વાર એવા સુરત જિલ્લાના કામરેજ, કડોદરા અને પલસાણામાં પોલીસ તંત્ર એલર્ટ થઈ ગયું હતું. અને સીઆરપીએફ સાથે ઉપરોક્ત વિસ્તારમાં પેટ્રોલિંગ વધારી દીધુ હોવાનું જાણવા મળ્યું છે.

આ અંગે મળતી માહિતી અનુસાર ગુજરાતમાં ચાલી રહેલા પાટીદાર અનામત આંદોલન દરમિયાન 25મી ઓગસ્ટથી તોફાન ફાટી નીકળ્યા હતાં. જેના પગલે આ આંદોલન અટકાવી દેવાની ફરજ પડી હતી. હવે માહોલ શાંત થતાં ફરી એકવાર આંદોલનને આગળ વધારવામાં આવશે અને જેને માટે ભાવિ રણનીતિ નક્કી કરવા માટે મંગળવારે સુરત ખાતે અનામત આંદોલનના નેતાઓની બેઠક યોજાનારી હોય જે બાબતને લઈ સુરત શહેરના પ્રવેશદ્વાર એવા સુરત જિલ્લાના કામરેજ, પલસાણા, કડોદરા વિસ્તારમાં પોલીસ સતર્ક થઈ છે. કામરેજ ડિવિઝનના એએસપી સરોજકુમારી અને ઉચ્ચ પોલીસ અધિકારીઓએ બેઠક યોજી પોલીસ બંદોબસ્તની સમીક્ષા કરી છે. જિલ્લામાં હાઈવે ઉપર પોઈન્ટો નક્કી કરીને સ્થાનિક પોલીસ અને સીઆરપીએફ દ્વારા વાહનચેકિંગ શરૂ કરી દેવામાં આવી છે. પોલીસે અલગ અલગ પોઈન્ટો નક્કી કરીને પેટ્રોલિંગ રૂટો પણ બનાવવામાં આવ્યા છે. અનામત આંદોલન દરમિયાન સુરત જિલ્લામાં કામરેજ અને માંગરોળ તાલુકામાં નેશનલ હાઈવે નં 8 ઉપર ચક્કાજામ કરવામાં આવ્યુ હોય આવા વિસ્તારમાં પણ પેટ્રોલિંગ વધારી દેવામાં આવ્યું છે. અનામત આંદોલનને લઈ સુરત જિલ્લાની સ્થિતિ વણસે નહીં તે માટે પોલીસ તંત્રને એલર્ટ કરવામાં આવ્યું છે.

# ખાજ ગામ ગાવશ ભરલા ટમ્પા મુકી ડ્રાઈવર અને ક્લીનર ફરાર

## ગૌરક્ષા સમીતીના સભ્યોએ 8 ગૌવંશોને ઉગાર્યા

**ભાસ્કર ન્યૂઝ. કડોદ**

ગૌરક્ષક સમિતીના સભ્યએ બાતમી આધારે મઢી નજીકથી પસાર થતા છોટા હાથી ટેમ્પોનો પીછો કરતાં ટેમ્પો ખોજ ગામની સીમમાં બિનવારસી હાલતમાં મુકીને ડ્રાઈવર અને ક્લીનર ફરાર થઈ ગયા હતાં. ટેમ્પાની તપાસ કરતાં ટેમ્પામાંથી 3 ગાય અને પાંચ વાછરડા ક્રુરતા પૂર્વક બાધેલી હાલતમાં મળી આવ્યા હતાં. ઘટના અંગે બારડોલી પોલીસને સંપર્ક કરતાં અજાણ્યા શખ્સ વિરુદ્ધ પશુ ક્રુરતા અંગેનો ગુનો નોંધી પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

બારડોલીના કપિલ નગર ખાતે રહેતા યોગેશભાઈ કાંતિલાલ ગોહિલ જેઓ ગુજરાત રાજ્ય ગૌરક્ષા સમિતીના સભ્ય છે. તેને બાતમી મળી હતી કે કતલખાન લઈ જવાતો ગૌવંશ ભરેલો ટેમ્પો મઢી ખાતેથી પસાર થવાનો હોય જે આધારે સાજનભાઈ ભરવાડ સહિત ગૌરક્ષા સમિતીના સભ્યો વોચમાં હતાં. ત્યારે સવારે 6.00 વાગ્યાના અરસામાં બાતમીવાળો નંબર વગરનો છોટાહાથી ટેમ્પો પસાર થયો હતો. તેને રોકવાનો પ્રયત્ન કર્યો હતો. પરંતુ તે ઊભો રહ્યો ન હતો. ગૌરક્ષા સમિતીના સભ્યોએ તેનો પીછો કર્યો હતો. આ ટેમ્પો બારડોલી કડોદ રોડ પર ખોજ ગામની સીમમાં બિનવારસી હાલતમાં મળી આવ્યો હતો. ટેમ્પાના ડ્રાઈવર અને ક્લીનર ટેમ્પો મુકી ફરાર થઈ ગયા હતાં.



ખોજ ગામેથી મળી આવેલ બિનવાસરી પશુ ભરેલો ટેમ્પો

આ ટેમ્પોની અંદર તપાસ કરતાં ટેમ્પામાં ત્રણ ગાય કિંમત 9000 ₹ અને પાંચ વછારડા કિંમત ₹ 1000ને ખીચોખીચ, ઘાસચારા કે પાણીની સગવડ વિના ક્રુરતા પૂર્વક બાંધ્યા હતાં. ઘટના અંગે બારડોલી પોલીસને જાણ કરતાં બારડોલી પોલીસે વગર નંબરનો છોટા હાથી ટેમ્પો ₹ 2,50,000 અને ગૌવંશ મળી કુલે 2,69,000નો મદ્દામાલ કબજે કર્યો હતો

C:\Users\chetanp\Downloads\Saflya_Gatha 31.08.15 to 06.09.15.doc

# બારડોલીમાં ટ્રાફિક પોલીસે ચેકિંગ શરૂ કરતાં રિક્ષાચાલકોમાં ભાગદોડ

**■ લાઈસન્સ, આર.સી. બુક, આર.ટી.ઓ. નિયમ પ્રમાણે તપાસવાનું શરૂ કરતા મોટાભાગની રિક્ષાઓ અદ્રશ્ય**

બારડોલી, તા. ૩

બારડોલીમાં વહેલી સવારથી મોડી રાત સુધી આશરે એક હજાર જેટલી રિક્ષાઓનો ધમધમાટ માર્ગો રહે છે. રિક્ષાચાલકો દ્વારા આડેધડ પાર્કિંગ, બેફામ ડ્રાઈવિંગ, ઉપરાંત મોટેથી ત્રાસજનક હોર્ન મારવા તેમજ મોટેથી સાઉન્ડ સિસ્ટમ વગાડવાની પ્રવૃત્તિ ઉપરાંત ટ્રાફિક જામ કરવાની ચાલી રહેલી પ્રવૃત્તિ વચ્ચે નગરના અગ્રણીઓ દ્વારા વારંવાર રિક્ષાચાલકોના મામલે પોલીસ લોકદરબારમાં રજૂઆતો થતી આવી છે. પોલીસે અનેક વખત રિક્ષાચાલકોને સૂચનાઓ પણ આપી હતી, તેમ છતાં કાયદાનું ઉલ્લંઘન સતત થતું રહ્યું હતું, જેનાથી પોલીસ પણ ત્રાસી હતી. જેથી ગુરુવારે બારડોલીની [illegible]

રિક્ષા ચાલકોમાં ભાગદોડ મચી ગઈ હતી. મોટાભાગના રિક્ષાચાલકો પોતાના વાહનોને હંકારી ઘર ભેગા થઈ ગયા હતા. વગર લાઈસન્સ અને આર.સી.બુક વગર રિક્ષા હંકારી લોકોના જીવનને જોખમમાં મુકતા આવેલા મોટાભાગના રિક્ષા ચાલકોમાંથી કેટલાક તો ભાગી છુટ્યા હતા. બારડોલી નગરમાં દરરોજ ફરતી આશરે એક હજારથી વધુ રિક્ષાઓ પૈકીની ૭૫ ટકા રિક્ષાઓ રસ્તાઓ ઉપરથી ગાયબ થઈ જતાં પગપાળા પસાર થતા લોકોએ રાહત અનુભવતા હતી.

# બાબેન ગામમાં વૃદ્ધાના ગળામાંથી ચેઈન સ્નેચિંગ કરનારો મુખ્ય આરોપી ઝડપાયો

સુરત, તા. ૩૦

બારડોલી તાલુકાના બાબેનમાં બનેલી ચેઈન સ્નેચિંગની ઘટનામાં બે આરોપીઓ ઝડપાયા બાદ ફરાર થયેલ મુખ્ય આરોપી નવસારીથી ઝડપાઈ ગયો હતો.



બાબેનના અવધ લેક સિટીમાં રહેતા ગંગાબેન રતિલાલ સીંદુરિયા (ઉ.વ. ૬૭) ગત ૩૧ જુલાઈના રોજ રાત્રે તળાવ નજીક ટહેલવા નીકળ્યા હતા. દરમિયાન મોટરસાઈકલ પર આવેલા ત્રણ ઈસમો ગંગાબેનના ગળામાં પહેરેલી સોનાની તુલસીમાળા ખેંચીને ફરાર થઈ ગયા હતા. ઘટનાની ફરિયાદના પગલે મોતા બીટ જમાદાર કે.કે. સુરતીએ તપાસ શરૂ કરી હતી. બારડોલીના ભાવેશ દિનેશ જોગી (રહે. માતાફળિયું, બારડોલી) અને નિલેશ સુરેશભાઈ રાજપૂત (રહે. ગોવિંદનગર બારડોલી) ઝડપાઈ ગયા હતા. પકડાયેલા બંને યુવકોએ તુલસીમાળા મુખ્ય આરોપી એવા નવસારીના તેજસ પાસે હોવાની કબૂલાત કરતા પોલીસે તેની શોધખોળ હાથ ધરી હતી. તેમજ જગદીશભાઈ પટેલ (રહે. દશેરી ટેકરી, નવસારી)ને ઝડપી પાડ્યો હતો. પોલીસની પૂછપરછમાં તેજસે મુદ્દામાલ વગે કર્યો હોવાની માહિતી આપતા પોલીસે બતાવેલ સ્થળેથી મુદ્દામાલ કબજે કર્યો હતો.